## સંક્ષિપ્ત સમાચાર

### દેલાડની ટેક્સટાઇલમાં કામ કરતા શ્રમિકનું મોત

સાયણ: ઓલપાડના દેલાડ સ્થિત પ્રિયંકા ટેક્સટાઇલ કંપનીમાં કામ કરતા મૂળ રાજસ્થાનના શ્રમિક વિજયપાલ જાખર (ઉં.વ.૫૪) ગત બુધવારે કંપનીના રૂમમાં મૃત હાલતમાં મળી આવ્યા હતા. સવારે નિદ્રામાં જ કોઈ અગમ્ય કારણોસર તેમનું મોત નીપજ્યું હતું. ઓલપાડ પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### કરણમાં જેસીબીની ટક્કરે બાઈક સવારનું મોત

પલસાણા: પલસાણાના કરણ ગામ પાસે ને.હા.48 પર રોંગ સાઈડમાં આવતા જેસીબીએ બાઈક સવાર જગજીતસિંહ ઝાલા (ઉં.વ.41)ને અડફેટે લીધા હતા. ગંભીર ઈજાઓ થતાં સુરત સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. અકસ્માત સર્જી જેસીબી ચાલક વાહન મૂકી ફરાર થઈ ગયો હતો. પલસાણા પોલીસે મૃતકના ભત્રીજાની ફરિયાદના આધારે અજાણ્યા ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### ચલથાણમાં સીડી પરથી પડી જતાં આધેડનું મોત

પલસાણા: ચલથાણની લક્ષ્મીનગર સોસાયટીમાં રહેતા મૂળ મધ્યપ્રદેશના 60 વર્ષીય સંજુભાઈ અમૃતભાઈ માસાળ ગત 11 ફેબ્રુઆરીએ પોતાના ઘરે સીડી ચઢતી વખતે પગ લપસતાં નીચે પટકાયા હતા. માથામાં ગંભીર ઈજા થતાં તેમને સુરત સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા, જ્યાં સાત દિવસની સારવાર બાદ તેમનું મોત થયું હતું. કડોદરા GIDC પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### કાવઠામાં ટેન્કર અડફેટે બાઈક સવારનું મોત

કુકરમુંડા: કુકરમુંડાના વેલદા-કાવઠા પુલ પર ભારત પેટ્રોલિયમના ટેન્કર નં. (નં. MH-02-ER-3318)ના ચાલકે બેદરકારીથી ઓવરટેક કરી બાઈકને અડફેટે લેતાં દેવમોગરા દર્શને જઈ રહેલા મહારાષ્ટ્રના ભોરટીપાડા ગામના દંપતી પૈકી રેખાબેન ઈજાગ્રસ્ત થયાં હતાં, જ્યારે ગંભીર ઈજા પામેલા નાનાભાઈ કુંવર (ઉં.વ.૪૪)નું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. નિઝર પોલીસે ટેન્કર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

### તાતીથૈયામાં ગાંજા સાથે બે શખ્સ ઝડપાયા

પલસાણા: કડોદરા GIDC પોલીસે બાતમીના આધારે તાતીથૈયાના સોનીપાર્ક-રમાં આવેલી કૈલાસચંદ્ર મેવાડાની બિલ્ડિંગમાં દરોડો પાડી ૩.૧૦૦ કિલોગ્રામ ગાંજા સાથે બે શખ્સ મૂળ બિહારના અને હાલ તાતીથૈયામાં મજૂરી કરતા દીપક રામસુદેશ પુરી અને દિવાકર રામકિશન સિંહની ધરપકડ કરી હતી. પોલીસે ઘટના સ્થળેથી ગાંજો, મોબાઈલ અને રોકડ રકમ મળી કુલ રૂ.૧.૬૭ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ જથ્થો પૂરો પાડનાર મુખ્ય સૂત્રધાર કૈલાસચંદ્ર મેવાડાને પોલીસે વોન્ટેડ જાહેર કર્યો હતો.

### ઓલપાડમાં બાઈક ચોરાતાં ફરિયાદ

સાયણ: સુરતની ઈન્કમટેક્સ કચેરીની ઓફિસમાં પટાવાળા તરીકે નોકરી કરતા અસ્નાબાદના નવાપરા ફળિયામાં રહેતા વિશાલ કિશોર પટેલની રૂ.એક લાખની કિંમતની મો.સા.નં.(જીજે-૦૫,એન. યુ-૩૧૧૮) ગત 4 ફેબ્રુઆરીએ ચોરાઈ ગઈ હતી. આ બાબતે ઓલપાડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી.

### ભરૂચ જિલ્લામાં ખનિજ ચોરી બદલ દંડ

ભરૂચ: અંકલેશ્વર અને ઝઘડિયા તાલુકાના વિવિધ વિસ્તારોમાં ભરૂચ જિલ્લા ખનીજ વિભાગ દ્વારા તપાસ કરવામાં આવી હતી, જેમાં રેતીનાં ઓવરલોડ વાહનો ઝડપાયાં હતાં. અંકલેશ્વરના ખારોડ ગામે સાદી માટી 1 હિટાચી એક્ષેવેટર મશીન સહિત 50 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. સાથે ભરૂચ પાલેજ રોડ, ઝઘડિયા-રાજપારડી ઉમલ્લા રોડ, ભરૂચ દહેજ રોડ પર આકસ્મિક ચેકિંગ દરમિયાન 9 વાહનો સીઝ કરી રૂ.1.90 કરોડનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો અને રૂ.17.39 લાખનો દંડ કર્યો હતો.

### વાલોડમાં કાયમી ટીડીઓ તરીકે નિમેશ પટેલની નિમણૂક કરવામાં આવી

વાલોડ: વાલોડ તાલુકામાં છેલ્લા ઘણા લાંબા સમયથી માત્ર ઈનચાર્જ તાલુકા વિકાસ અધિકારી મિલીનભાઈ પાવરાથી કામ ચલાવાતું હતું. તેઓ મહુવા, અંબિકા તેમજ વાલોડ એમ ત્રણ તાલુકાનો ચાર્જ સંભાળતા હતા. કામનું ભારણ હોવા છતાં તેઓની કાર્ય પદ્ધતિને વાલોડની પ્રજાજનો બિરદાવી છે. ત્યારે નવા ટીડીઓ તરીકે નિમેશકુમાર અરવિંદભાઈ પટેલની નિમણૂક કરાઈ છે.

### નેત્રંગમાં આંકડાનો જુગાર રમાડતા બે ઝડપાયા

નેત્રંગ: નેત્રંગ પોલીસે બાતમીના આધારે કોસ્યાકોલ ફળિયા અને લાલમંટોડી વિસ્તારમાં રેડ પાડી રાયમલ ભાણાભાઈ વસાવા અને કિશોર છોટુભાઈ વસાવાને આંકડાનો જુગાર રમાડતા રંગેહાથ ઝડપી પાડ્યા હતા. પોલીસે આરોપીઓ પાસેથી રોકડ રકમ, નોટબુક અને પેન સહિત કુલ રૂ.૪૯૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

### નર્મદા જિલ્લામાં 549 અને દાહોદ જિલ્લાની 1,284 પ્રાથમિક શાળાઓમાં શિક્ષકની ઘટ

ગાંધીનગર: નર્મદા અને દાહોદ જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ અંગે વિધાનસભામાં પુછાયેલા પ્રશ્નના લેખિત જવાબમાં શિક્ષણ મંત્રીએ જણાવ્યું હતું કે નર્મદા જિલ્લામાં 549 શિક્ષકની, જ્યારે દાહોદ જિલ્લામાં 1,284 શિક્ષકની ઘટ છે. નર્મદા અને દાહોદ જિલ્લામાં 31 ડિસેમ્બર 2025 ની સ્થિતિએ શિક્ષકોની ઘટ અંગેના કારણો રજૂ કરતા શિક્ષણ મંત્રીએ વધુમાં કહ્યું હતું કે, વય નિવૃતિ, જિલ્લા ફેર બદલી, અને અવસાન થવાના કારણે પ્રાથમિક શિક્ષકોની જગ્યાઓ ખાલી છે. આ ખાલી જગ્યાઓ જ્ઞાન સહાયક યોજના અંતર્ગત જ્ઞાન સહાયકની વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવે છે.

# સોનગઢ પાલિકાની સામાન્ય સભાનો એજન્ડા મોડો મળતાં વિરોધ

**વિરોધ** પક્ષ દ્વારા ચીફ ઓફિસર અને પ્રાંત અધિકારીને લેખિત રજૂઆત

**અગાઉ** ખોટા ખર્ચા મુદ્દે વિરોધ થયો હતો

સોનગઢ: સોનગઢ નગરપાલિકાના વહીવટમાં પારદર્શિતાનો અભાવ અને વિરોધ પક્ષના સભ્યો પ્રત્યેની અવગણનાનો ગંભીર મુદ્દો સામે આવ્યો છે. આગામી તા.૨૦/૨/૨૦૨૬ના રોજ યોજાનારી સામાન્ય સભાના એજન્ડાની નકલ સમયસર ન મળતાં વિરોધ પક્ષના સભ્યોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ બાબતે સભ્ય બાનુબીબી શાબાશખાન પઠાણ અને નાસીરભાઈ બસીરભાઈ શેખ દ્વારા ચીફ ઓફિસર અને પ્રાંત અધિકારીને લેખિતમાં રજૂઆત કરવામાં આવી છે. એજન્ડા મોડો મળવાને કારણે વિકાસનાં કામો અને વધુ પડતો ખર્ચ હિસાબમાં દર્શાવવામાં આવતા તેમજ અન્ય ઠરાવો પર વિગતવાર અભ્યાસ કરવાનો પૂરતો સમય વિરોધ પક્ષને મળ્યો નથી. જેથી વિરોધ પક્ષના સભ્યોએ આક્ષેપ કર્યો છે કે, તેમને અંધારામાં રાખીને સભાના નિર્ણયો પ્રભાવિત કરવાનો આ એક સુનિયોજિત પ્રયાસ છે, જે લોકશાહીની મર્યાદા વિરુદ્ધ છે. વિરોધ પક્ષે સીઓ પાસે માંગ કરી છે કે ભવિષ્યમાં આવી ઘટના ન બને અને એજન્ડા હંમેશાં સમયસર મળે તેની લેખિત ખાતરી આપવામાં આવે. નગરપાલિકાનો વહીવટ પારદર્શક રીતે ચાલે અને વિરોધ પક્ષને પણ પોતાની રજૂઆત માટે પૂરતો સમય મળે એ માટે તંત્ર ગંભીરતાથી નોંધ લે એ જરૂરી છે. અગાઉ પણ આ બાબતે વારંવાર ફરિયાદ કરવામાં આવી છે. વધુમાં જણાવવાનું કે અગાઉ પણ ખોટા ખર્ચાનાં બિલોને લઈ વિરોધ પક્ષના સભ્યોએ સોનગઢ પાલિકાના વહીવટ સામે વિરોધ નોંધાયો હતો.

## વ્યારા નગરપાલિકામાં ગ્રાન્ટના દુરુપયોગની ફરિયાદ

ગાંધીનગર: વ્યારા નગરપાલિકામાં સરકારી ગ્રાન્ટનો દુરુપયોગ થયા અંગેની ફરિયાદની તપાસ 31 ડિસેમ્બર-2025ની સ્થિતિએ પૂર્ણ થઈ છે. વિધાનસભામાં તુષાર ચૌધરીના પ્રશ્નના લેખિત જવાબમાં શહેરી વિકાસ મંત્રીએ જણાવ્યું હતું કે વ્યારા નગરપાલિકામાં સરકારી ગ્રાન્ટના દુરુપયોગ અંગેની ફરિયાદની તપાસ 31 ડિસેમ્બર-2025ની સ્થિતિએ પૂર્ણ થયેલી છે. જવાબદાર સામે ગુજરાત નગરપાલિકા અધિનિયમની કલમ-37 અંતર્ગત કાર્યવાહી ચાલુ છે અને કલમ 70ની જોગવાઈ હેઠળ કેસ દાખલ કરી સુનાવણી હાથ ધરવામાં આવી છે.

# વાલોડમાં પાઈપલાઈનના કામમાં વેઠ ઉતારાતાં તપાસની માંગ



વાલોડ: વાલોડ ખાતે પાણીની પાઈપ લાઈન નાંખવાનું કામ ચાલી રહ્યું છે. જેમાં કોન્ટ્રાક્ટર દ્વારા નકરી વેઠ ઉતારતાં સરપંચ તેમજ ડે.સરપંચ દ્વારા આ અંગે તાપી જિલ્લા પાણી પુરવઠા વિભાગના કાર્યપાલક ઈજનેરને લેખિત ફરિયાદ કરી યોગ્ય તપાસની માંગ કરવામાં આવી છે. વાલોડ ગામમાં ઓટેગા યોજના હેઠળ ચાલતા ટાંકી, સંપ અને પાઈપ લાઈન નાંખવાનું કામ ચાલી રહ્યું છે. આ કામ એજન્સીને સોંપવામાં આવ્યું છે. પરંતુ કોન્ટ્રાક્ટર દ્વારા એસ્ટીમેન્ટ પ્રમાણે અને ગુણવત્તાયુક્ત કામ કરવામાં આવ્યું ન હોવાથી કામમાં નકરી વેઠ ઉતારવામાં આવી છે. આ અંગે ગ્રામ પંચાયતોના સભ્યો તેમજ સરપંચ અને ડે.સરપંચ ઉપર ભ્રષ્ટાચારના આરોપ લાગે એ પહેલા સરપંચ અને ડે.સરપંચ દ્વારા તાપી જિલ્લા પાણી પુરવઠા વિભાગના કાર્યપાલક ઈજનેરને લેખિત ફરિયાદ કરવામાં આવી છે. અને કોન્ટ્રાક્ટર દ્વારા જે કામ કરવામાં આવ્યું છે તેનો સરવે કરી યોગ્ય કાર્યવાહીની માંગ કરવામાં આવી છે.

# કડોદના યુવાનના મોત પ્રકરણમાં હજુ પણ રહસ્ય

**જેનિલ** મોત કેસમાં આત્મહત્યા દુષ્પ્રેરણા સહિત ગુનો નોંધવા તજવીજ

સુરત: કડોદના યુવાનના મોત પ્રકરણમાં પોલીસે આત્મહત્યા દુષ્પ્રેરણા સહિત ગુનો નોંધવા તજવીજ હાથ ધરી છે.

બારડોલીના કડોદ ગામે ખોખર ફળિયામાં રહેતા જેનિલ અશ્વિન લાડ (ઉં.વ.25)નાઓ સિવિલ ઈજનેર તરીકે ખાનગી સાઈટ પર નોકરી કરતા હતા. માંડવીના અરેઠ ગામની યુવતી સાથે પ્રેમસંબંધ હતો. તેની પ્રેમિકાની સહેલીનો માંડવી તાલુકાના રાજપૂત બોરી ગામે રહેતા કીર્તિરાજસિંહ સાંગડોત સાથે પ્રેમસંબંધ હતો. કીર્તિરાજ પરણિત હતો. એક મહીના અગાઉ જ કીર્તિરાજની પ્રેમિકાના પણ લગ્ન થઈ ગયા હતા. આ દરમિયાન થોડા સમય અગાઉ કીર્તિરાજ અને તેની પ્રેમીકાનો ફોટો ઈન્સ્ટાગ્રામના માધ્યમથી પ્રેમિકાના પતિ પાસે પહોંચ્યા હતા. આ વિવાદમાં જેનિલ લાડ ઉપર શંકા વ્યક્ત કરી ગત રવિવારે કીર્તિરાજ કડોદથી થાર કારમાં જેનિલનું બળજબરીથી પ્રેમિકાના ઘરે લઈ જઈ ધાકધમકી આપી પ્રેમિકાના પતિ અને સસરા સાથે ભેગા મળી માફી મગાવી હતી. મોબાઈલમાં આ સમગ્ર ઘટનાનું રેકોર્ડિંગ કર્યું હતું. ત્યારબાદ તે જ દિવસે સાંજે ફરી જેનિલને અરેઠ નજીક આવેલા કેવડિયા ગામની નહેર પર બોલાવ્યા હતો અને ત્યાં રહસ્યમય સંજોગોમાં જેનિલનું નહેરમાં ડૂબી ગયો હતો અને તેનું મોત થયું હતું. બુધવારના રોજ સાયણ ખાતેથી તેનો મૃતદેહ મળ્યા બાદ ફોરેન્સિક પીએમ કરવામાં આવ્યું હતું. આ પ્રકરણમાં પોલીસે મૃતકના પિતા અશ્વિન ઈશ્વરભાઈ લાડની ફરિયાદ લઈ નિવેદન લઈ ગુનો નોંધવાની તજવીજ હાથ ધરી છે. જેમાં આત્મહત્યાની દુષ્પ્રેરણા ઉપરાંત ગંભીર ઉશ્કેરણી હેઠળ કરેલું કૃત્ય આ ઉપરાંત લગ્ન કર્યા વગર છેતરપિંડી કરી સંબંધ બાંધવો અને અપહરણ સહિતના ગુના નોંધવાની તજવીજ હાથ ધરી છે.

# બૌધાન ગામમાં વન્યપ્રાણીના હુમલાથી વૃદ્ધ ખેડૂતનું મોત



હિતેશ પટેલ

**ગ્રામજનોમાં** ફફડાટ, સુરક્ષા વ્યવસ્થા ગોઠવવા માંગ

માંડવી: માંડવીના બૌધાનમાં બ્લોક નં.570 વાળી ખેતીની જમીનમાં ગુરુવારે બપોરે વન્યપ્રાણીના જીવલેણ હુમલામાં 71 વર્ષીય વૃદ્ધ ખેડૂતનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું.

બૌધાન ગામના સુથાર ફળિયાના નિવાસી ગંભીરસિંહ રાયસિંહ જાદવ (ઉં.વ.71) ગુરુવારે બપોરે અંદાજે 1:30 વાગ્યાની આસપાસ પોતાના ખેતરમાં પાણી વાળી રહ્યો હતો. દરમિયાન અચાનક વન્યપ્રાણીએ હુમલો કરતાં તેમને ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ બનાવમાં ખેડૂતનું ઘટના સ્થળે જ તેમનું મોત નીપજ્યું હતું. બનાવની જાણ થતાં ગ્રામજનોમાં દહેશત ફેલાઈ ગઈ હતી. જાણ થતાં જ અરેઠ આઉટપોસ્ટ તથા માંડવી પોલીસ સ્ટેશનનો કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો. પોલીસ દ્વારા મૃતદેહનો કબજો મેળવી પોસ્ટમોર્ટમ માટે ખસેડી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ વિસ્તારમાં વન્યપ્રાણીના હુમલાથી ગ્રામજનોમાં ફફડાટ ફેલાયો છે અને તાત્કાલિક સુરક્ષા વ્યવસ્થા મજબૂત બનાવવાની માંગ ઊઠી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### માકણાની મિલમાંથી કાપડની ચોરી કરનાર ગેંગ ઝડપાઈ

પલસાણા: સુરત જિલ્લા એલ.સી.બી. અને પેરોલ ફર્લો સ્ક્વોડે કામરેજના માકણા ગામની મિલમાં થયેલી કાપડની ચોરીનો ભેદ ઉકેલી ચાર શખ્સની ધરપકડ કરી છે. બાતમીના આધારે પોલીસે કોસમાડી-સેવણી રોડ પર રેડ કરી મુખ્ય આરોપી યોગેશ બાવિશ્કર, રાહુલ રાઠોડ (રહે.,સીમાડી, કામરેજ), દલાલ મુકેશ મોદી (રહે., ગોડાદરા) અને ટેમ્પો ચાલક આમિર શેખ (રહે. ભટાર, સુરત)ને ઝડપી પાડ્યા હતા. પોલીસે આરોપીઓ પાસેથી 4.67 લાખના 85 નંગ કાપડના તાકા, ટેમ્પો, મોપેડ અને મોબાઈલ ફોન મળી કુલ 6,80,010નો મુદ્દામાલ કબજે કર્યો છે.

### ઓલપાડમાં રૂ.૩.૭૮ લાખનો દારૂ ઝડપાયો

સાયણ, પલસાણા: સુરત ગ્રામ્ય એલ.સી.બી. પોલીસે ઓલપાડ ટાઉનના સરકારી રેસ્ટ હાઉસ પાસે વોચ ગોઠવી એક મારૂતિ સ્વીફ્ટ કાર નં.(જીજે-૦૫, જે.સી-૬૦૮૮)માંથી રૂ. ૩,૭૮,૭૫૦ ની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસ પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે સેનાખાડી ઓવરબ્રિજ પાસે કારને આંતરી તલાશી લેતા આ જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ઉદયપુરના ગોરધન વિલાસના ચાલક જયદેવસિંહ રાઠોડની ધરપકડ કરી કાર, મોબાઈલ અને રોકડ સહિત કુલ રૂ.૫,૮૪,૭૫૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે, હરિયાણાના સોનીપતથી હિમાંશુ નામના શખ્સે આ જથ્થો સુરતના વેસુ ખાતે રહેતા સાહિલને પહોંચાડવા મોકલ્યો હતો. પોલીસે હિમાંશુ અને સાહિલને વોન્ટેડ જાહેર કરી પીએસઆઇ હરપાલસિંહ મસાણીએ વધુ તપાસ હાથ ધરી છે.

### એના ટોલનાકા પાસે ૨૧ ભેંસ ભરેલી ટ્રક ઝડપાઈ

પલસાણા: પલસાણા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ૧૯ ફેબ્રુઆરી-૨૦૨૬ના રોજ વહેલી સવારે પોલીસને પશુ પરિવહનની બાતમી મળી હતી. જેના આધારે એના ટોલ નાકા પાસે કાર્યવાહી કરી પોલીસે જી.જે.૨૩ એ.ટી. ૯૨૧૧ નંબરની ટ્રકમાંથી ૨૧ ભેંસને બચાવી હતી. ક્રૂરતાપૂર્વક અને ઘાસચારા-પાણીની સુવિધા વગર પશુઓને ભરૂચથી મહારાષ્ટ્રના માલેગાંવ લઈ જવામાં આવી રહ્યાં હતાં. પોલીસે ભરૂચના ચાલક ઇકબાલ દસ્કા (રહે., લુવારા, ભરૂચ) અને ક્લીનર શબ્બીર વાડીવાલા (રહે., હિંગલોટ, ભરૂચ)ની ધરપકડ કરી છે. આ કાર્યવાહીમાં ટ્રક અને મોબાઈલ સહિત કુલ [illegible]૯,૨૦,૫૦૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. પશુઓ ભરી આપનાર ભરૂચના મહમદ ભુરિયા વિરુદ્ધ પણ તપાસ તેજ કરવામાં આવી છે.

### સુરત ગ્રામ્યમાં એગ્રીકલ્ચર વીજતાર ચોરતી ગુર્જર ગેંગ ઝડપાઈ



ઈલ્યાસ શેખ

પલસાણા: સુરત જિલ્લા એલસીબીએ માંડવી અને ઓલપાડ વિસ્તારમાં ખેતીવાડી વીજલાઇનના વાયરો ચોરતી રીઢા ગુનેગારોની ગેંગને ઝડપી પાડી છે. પોલીસે મુખ્ય સૂત્રધાર અને રીસીવર સહિત ૬ આરોપીની ધરપકડ કરી કુલ ૩૧.૨૬ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. સીસીટીવી અને બાતમીના આધારે પોલીસે વલથાણ ગામ પાસે દરોડો પાડી ૬,૩૦૦ કિલોગ્રામ એલ્યુમિનિયમ વાયર, બે ટેમ્પો, એક છોટા હાથી, ઇકો કાર અને મોબાઈલ ફોન કબજે કર્યા છે. આ કાર્યવાહીથી માંડવી અને ઓલપાડના ત્રણ વણશોધાયેલા ગુનાઓનો ભેદ ઉકેલાયો છે. પકડાયેલા આરોપીઓમાં પરભુ ગુર્જર (રહે., મોટા બોરસરા, મૂળ રાજસ્થાન), ગિરધારીલાલ ગુર્જર (રહે., મોટા બોરસરા, મૂળ રાજસ્થાન), જગદીશ ગુર્જર (રહે., મોટા બોરસરા, મૂળ રાજસ્થાન), સાહિલ અસરફ પરમાર (રહે., બાબરા, અમરેલી), વાલમભાઈ રાતડિયા (રહે.,સોમલપર, રાજકોટ) અને મહેશભાઇ ડામોર (રહે., બાબરા, મૂળ મધ્યપ્રદેશ)નો સમાવેશ થાય છે.

# સીયાલજ નજીક એક્સપ્રેસ વે પરથી 39 લાખનો દારૂ ઝડપાયો

**સુરત** LCBની કાર્યવાહી, દારૂનો જથ્થો હરિયાણાથી આણંદ લઈ જવાતો હતો

**હરિયાણાનો** ડ્રાઈવર પકડાયો, અન્ય 3 આરોપી વોન્ટેડ



ઈબ્રાહીમ કાનુ, ઈલ્યાસ શેખ

હથોડા, પલસાણા: સુરત LCBએ માંગરોળના સીયાલજમાં નેશનલ એક્સપ્રેસ વે પરથી મોટી માત્રામાં વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. પોલીસની આ કાર્યવાહીમાં કન્ટેનર સહિત કુલ ૫૫,૮૦,૦૨૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે અને એક આરોપીને દબોચી લેવાયો હતો.

સુરત જિલ્લા એલ.સી.બી. પેટ્રોલિંગમાં હતી. દરમિયાન બાતમી મળી હતી કે, એક ટાટા ટ્રક કન્ટેનર નં.(HR-61-E-1389)નો ચાલક મોટી માત્રામાં વિદેશી દારૂ ભરી મુંબઈ-વડોદરા નેશનલ એક્સપ્રેસ વે પરથી વડોદરા તરફ જનાર છે. આ બાતમીના આધારે સીયાલજની હદમાં વોચ ગોઠવી પોલીસે કન્ટેનર અટકાવ્યું હતું અને તેનું સીલ તોડી તપાસ કરતાં વિપુલ પ્રમાણમાં દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પકડાયેલ કન્ટેનર ચાલક નિતુકુમાર હરપાલસિંગ ચૌધરી (રહે.,હરિયાણા)ની પૂછપરછમાં બહાર આવ્યું હતું કે આ દારૂ હરિયાણાથી ભરાવી ગુજરાતમાં આણંદ સુધી પહોંચાડવાનો હતો. પોલીસે ઘટના સ્થળેથી ૧૫,૬૭૨ નંગ બિયર ટીન (કિં.રૂ.૩૯,૧૮,૦૦૦), ટાટા ટ્રક કન્ટેનર (કિં.૧૫,૦૦,૦૦૦), બે મોબાઈલ ફોન, અંગજડતીની રોકડ અને ટ્રક ભાડાના ૧,૫૦,૦૦૦ મળી કુલ ૫૫,૮૦,૦૨૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ ગુનામાં પોલીસે દારૂનો જથ્થો ભરાવનાર પારસરામ સાગરમલ મીણા (રહે.,ગુરુગ્રામ, હરિયાણા), તેના ડ્રાઈવર અરવિંદ પાંડે અને વડોદરા પાસે જથ્થો મંગાવનાર અજાણ્યા ઈસમને વોન્ટેડ જાહેર કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

વ્યવસાયીક ધંધાકીય

**જમીન પુરાણ માટેનો**
મલબો (માટી)નો મોટો જથ્થો વ્યાજબી ભાવે મેળવવા માટે સંપર્ક કરો સંપર્ક સમય સવારે ૧૦થી ૬ મો. 9998816308

**કબુતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**ઘરબેઠા TV, LCD,**
LED રીપેરીંગ. દરેક વિસ્તારમાં. દામીની ઈલેક્ટ્રોનિક્સ, અડાજણ. 9898302700

**વુલન સ્વેટરો,**
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, શાલ, બ્લેન્કેટ હોલસેલ ભાવે, ખોલવડવાલા, ડબગરવાડ, સુરત.

**પરાઝિઓ ક્લબ**
ની મેમ્બરશિપ વેચવાની છે, લીધેલા ભાવ માં. કોન્ટેક્ટ:- 9687422266

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

નોકરી વિષયક

**પટાવાળા જોઈએ છે**
સી. એ. ઓફિસ માટે એસએસસી પાસ- નાપાસ પટાવાળા જોઈએ છે. મળો. જશવંત પી. પટેલ એલ- ૧૦, જલદર્શન ટાવર બહુમાળીની બાજુમાં નાનપુરા સુરત (832)

**જોઇએ છે**
હાર્ડવેર નેટવર્કિંગ એન્જિનિયર કોમ્પ્યુટર સ્ટોર સર્વિસ સેન્ટર માટે અને ડિલિવરી બોય. યશ્વી ઈન્ફોટેક (નાનપુરા) 9824651603

**લોનની કંપની**
માટે ટેલીકોલર છોકરી જોઈએ છે. પાર્ટટાઈમ/ ફુલટાઈમ Location નાનપુરા સુરત મો:- 9586817707

**Sketcher Artist**
જોઈએ છે ઉધનામાં Wedding Saree અને સૂટની એમરોડરી ડિઝાઈન આર્ટિસ્ટ સ્કેચર. 9726166466

**જોઈએ છે,**
એન્જિનિયરિંગ કંપનીમાં ફેબ્રિકેશન કામ માટે અનુભવી હેલ્પર, વેલ્ડર, ફિટર જોઈએ છે, ટેકનો ક્રિએટ એન્જિનિયર્સ, પ્લોટ નંબર: 713, રોડ નંબર: 7, અરમાન ઈન્ડસ્ટ્રીઝની સામે, જી.આઈ.ડી.સી, સચિન, સુરત, MO: 9725686148

મિલ્કત લે-વેચ

**હોજીવાલા ઈન્ડસ્ટ્રીમાં**
756/ 1484/ 3612/ 7308 વિગેરેના પ્લોટ ખરીદ/ વેચાણ તથા ભાડે આપવા/ લેવા માટે સંપર્ક કરો. 8866478300, 9825141500 (118)

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

**હિમાલયા હોલીડે**
(1) ચારધામ યાત્રા મેં મહિનામાં (2) કાશ્મીર (3) શિમલા મનાલી (4) દાર્જીલિંગ ગેંગટોક, પેલીંગ Mo:- 9427803273/ 9825142005 (812)

**(સાગર- 9427113317)**
ધૂળેટીમાં (સ્લીપરમાં) શાહપુરા, કરણીમાં, ખાટુશ્યામ, રામદેવરા, સાંવરિયાજી, શ્રીનાથજી

**જૂના અને જાણીતા**
રાજુ મોદી સિમલા, મનાલી, ડેલહાઉસી, ધર્મશાળા, અમૃતસર ઉપડશે 11 મે, દિવસ 13, સ્ટારગ્રેડ હોટલ વેજ નોનવેજ બ્રેકફાસ્ટ ડિનર 9374512979 (842)

**FOR Sell**
70,000/-ના માસિક ભાડામાં
કોર્પોરેટ કંપનીને ૯ થી ૧૨ વર્ષની લોંગ લીઝ પર આપેલ ઓફિસ
પાર્લે પોઈન્ટ મેઈન રોડ પર
Dhaval Cyclewala 98980 24032

**Dinesh Tours**
N Travels આરામદાયક હોટલ, સુરતી ભોજન, અનુભવી ટુર મેનેજર સહિત નું આયોજન... @ કેરલા- રામેશ્વરમ- મદુરાઈ- કન્યાકુમારી. દિ. ૧૦ @ બદ્રીનાથ- કેદારનાથ- ગંગોત્રી- યમનોત્રી. દિ ૧૩ @ દાર્જીલિંગ- લાચુંગ- પેલિંગ- ગંગટોક. દિ- ૯ વધુ માહિતી માટે સંપર્ક કરો:- ૯૦૩૩૯૯૭૦૨૮, ૯૮૭૯૬૭૭૦૨૮, ૯૪૨૬૧૦૨૩૫૮

**28 રાત્રે**
ગોળીગઢ, વિજ્ઞેશ્વર, ઉનાઈ, દમણ, 1100/- રૂપિયા, બે ટાઈમ નોનવેજ,- 9484448329

**સ્વપ્ન ટ્રાવેલ્સ**
૫૨ વર્ષમાં પ્રવેશ રેલ્વે દ્વારા (1) ચારધામ, બદ્રીનાથ, કેદારનાથ, યમનોત્રી, ગંગોત્રી, હરિદ્વાર, તારીખ- 21/4, 3/5, 15/5, 28/05, દિવસ- 15. (રેલ્વે બુકીંગ 60 દિવસ પહેલા થાય છે) (2) જગન્નાથપુરી, કામાખ્યાદેવી, નેપાળ, ગયાજી, અયોધ્યા, તારીખ- 14/5, દિવસ- 12(3) દક્ષિણ ભારત, રામેશ્વર, કન્યાકુમારી, ઉંટી, તિરૂપતિ. તારીખ- 28/5, દિવસ- 12. (4) હરિદ્વાર, (અધિક માસમાં) ઋષિકેશ. તારીખ- 22/5, દિવસ- 7. ગ્રુપ બુકીંગ સ્વીકારીશું. મળો- દિપકભાઈ બોડીવાલા, યોગી કોમ્પ્લેક્ષ, તાપી હોસ્પિટલ સામે, ન્યુરાંદેર રોડ, સુરત: 9825144143

**JOY N JOY TRAVELS.**
(રોયલ ભુતાન 3 સ્ટાર પ્રિમીયમ હોટલો/ બ્રેકફાસ્ટ- ડિનર/ AC ટોયોટા કોસ્ટર સાથે એક શ્રેષ્ઠ અને વ્યવસ્થિત આયોજન. તારીખ 15 મે/ 22 મેં. દિવસ- 8) (ચારધામ યાત્રા પેકેજ દિવસ- 12) જાણીતું અને અનુભવી નામ બંકીમ મહેતા. 9429507723.

**ચારધામ યાત્રા.**
જુનું અને જાણીતું નામ કિંજલ શાહ સંગાથે માણો (ચારધામ યાત્રા- કેદારનાથ, બદ્રીનાથ, યમનોત્રી, ગંગોત્રી સાથે હરિદ્વાર અને ઋષિકેશ) (કાશ્મીર) (કેરાલા) પહાડો હોયકે બીચ માણો મજા સુરતી સ્વાદ અને રસોઈયા સાથે. બુકિંગ ચાલુ થઈ ગયું છે. JOY ENJOY TRAVEL PLANNER. કિંજલ શાહ. 9426157371

મિલ્કત વેચવાની છે

**ઘોદદોડ રોડ**
ગોકુલમ ડેરી પાસે શરૂ થતાં નવા બાંધકામમાં પ્રિ- બુકિંગમાં ફ્લેટ, દુકાન, ઓફિસ વેચાણથી આપવાના છે 9377889912/ 9879276073 (840)

**મકાન વેચવાનું છે**
134 ચોરસ મીટર, ગ્રાઉન્ડ + બે માળ, પ્લોટ નં. 25, નવો મોહલ્લો, સાંઈબાબા મંદિર સામે, મેઈન રોડ, રુદરપુરા, સુરત. મો. 8291401808, 7700974403

**ફ્લેટ વેચવાનો**
દસ્તાવેજ બીજોમાળ ૧૧ લાખ રોકડા અનાવિલ શેરી સગરામપુરા 8488968543

**મિલકત વેચવાની છે**
વેડરોડ કતારગામ વિસ્તારમાં વિરામનગર સોસાયટી મોં:- 9426862069

લગ્ન વિષયક

**સુરત રહેતી**
30 વર્ષની દેસાઈ યુવતી માટે વેલ સેટલ્ડ યુવક આવકાર્ય 9512318416

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

*અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.*